અપીલ અરજી નં.૧૯૧ તા.૨૯–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પ્યારેલાલ ભારતી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્યારેલાલ ભારતીની તા.૯–૬–૧૧ની અરજીથી ઉધના રોડ નં.૫ ઉપર આવેલ પ્લોટ નં.૧૧/એ માં કેટલા માળ બાંધવાના શહેર વિકાસ ખાતા તરફથી પરવાનગી લેવામાં આવી છે કે નથી તેની માહિતી તથા તેના માલીકનું નામ, સરનામાની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૯૧/૨૦૧૧–૧૨

શ્રી પ્યારેલાલ ભારતીની તા.૯–૬–૧૧ની અરજીથી ઉધના રોડ નં.૫ ઉપર આવેલ પ્લોટ નં.૧૧/એ માં કેટલા માળ બાંધવાના શહેર વિકાસ ખાતા તરફથી પરવાનગી લેવામાં આવી છે કે નથી તેની માહિતી તથા તેના માલીકનું નામ, સરનામાની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૮ તા.૫–૮–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેઓની મુળ અરજીથી માંગેલ માહિતીની વિગત રજુ કરેલ ન હોઈ તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૨૫ તા.૮–૭–૧૧ થી અરજદારને આપેલી માહિતીની નકલ તથા અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૯–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં માંગેલ માહિતી ન આપવાથી કે આપવા અંગે દરકાર કરેલ ન હોવાનું જણાવી અરજદારે તા.૨૯–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૨૫ તા. ૮–૭–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને " સદર પ્રશ્નવાળી મિલ્કતના બાંધકામને ઉધનાઝોન તરફથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. સદર મિલ્કત માલીક ઉધના રોડ નં. ૫ પ્લોટ નં.૧૧ ખાતે રહે છે. " તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદારને આપેલી માહિતી નકલ પુનઃ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પ્યારેલાલ ભારતી ,